ભારતને ડ્રિમ ટીમની જરૂર છે : મોદી

નવી દિલ્હી,તા. ૨૯

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આશરે પાંચ લાખ લોકોની ઉપસ્થિતિમાં આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આક્રમક સંબોધન કર્યુ હતુ. આ સંબોધનમાં મોદીએ દિલ્હીમાં શિલા દિક્ષિત સરકાર અને કેન્દ્રમાં યુપીએ સરકાર પર બેવડા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાનના હોદ્દાનું અપમાન કરવા બદલ મોદીએ રાહુલ ગાંધીની પણ જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ રાહુલને શેહજાદા તરીકે ગણાવીને પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૪માં દેશને ડ્રિમ ટીમની જરૂર છે. ડર્ટી ટીમની જરૂર નથી. યુપીએ સરકાર પાસે કોઈ વિઝન નથી. સાથે સાથે વિકાસ અને અન્ય મુદ્દાઓ પર તેજાબી નિવેદન કરીને ઉપસ્થિત લોકોને રોમાંચિત કરી દીધા હતા. મોદીએ તેમના સંબોધનમાં આતંકવાદ, રોજગાર, કોમનવેલ્થ ગેમ્સમાં ભ્રષ્ટાચાર, વિકાસ સહિતના તમામ મુદ્દાઓ ઉઠાવ્યા હતા. દિલ્હીના રોહિણીમાં ભાજપની ચર્ચાસ્પદ રેલીમાં મોદીએ વડાપ્રધાન અને રાહુલ ગાંધી પર આક્ષેપોનો મારો ચલાવ્યાહતો. મોદીએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે રાહુલે ભારતના વડાપ્રધાનનું અપમાન કર્યુ છે. તેમની સરકારના વટહુકમને બકવાસ તરીકે ગણાવીને સરકારની ટિકા કરી હતી. રાહુલે વડાપ્રધાનની પાઘડી ઉછાળી છે. જો દેશમાં જ વડાપ્રધાનનું અપમાન થતું રહેશે તો બહારના લોકો પણ અપમાનીત કરશે. મોદીએ અમેરિકાના પ્રવાસે ગયેલા વડાપ્રધાન પર ઓબામાની સમક્ષ એક પછી એક રજુઆત કરવાનો પણ આક્ષેપ કર્યો હતો. મોદીએ પોતાના ભાષણમાં કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ

ગાંધીને શાહજાદા કહીને સંબોધન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે આજે પરિવાર શાહી અને લોકશાહી વચ્ચે યુદ્ધ છેલાયેલું છે. પરિવારશાહી લોકશાહીનું ગળુ દબાવી રહી છે. પરિવારશાહી લોકશાહીને ખતમ કરવાના પ્રયાસમાં છે. દેશ બંધારણથી ચાલશે કે પછી શહજાદાની ઈચ્છાથી તે બાબત નક્કી કરવાના વળાંક પર દેશ ઉભું છે. મોદીએ કહ્યુ હતુ કે દેશને વર્ષ ૨૦૧૪માં એક ડ્રિમ ટીમની જરૂર છે ડર્ટી ટીમની નહીં. મોદીએ કહ્યુ હતુ કે તેઓ ક્યારે પણ શાસક બનવાના સ્વપ્ન જોયા નથી. શરૂઆતથી જ તેઓ એક સેવક તરીકે રહ્યા છે. પહેલા પણ સેવક હતા. આજે પણ સેવક છે અને ભવિષ્યમાં પણ સેવક તરીકે રહેશે. યુપીએ સરકાર પાસે કોઈ વિઝન નથી તેવો દાવો કરતા મોદીએ કહ્યુ હતુ કે તેમની અવધિના તમામ બજેટ પર નજર કરવામાં આવશેતો જોવા મળશે કે માત્ર તારીખો બદલાઈ છે. તમામ બાબતો જૂની છે. મોદીએ કહ્યુ હતુકે આજે દુનિયા ઝડપથી આગળ વધી રહી છે ત્યારે અમે પાછળ જઈ રહ્યા છીએ. દેશના યુવાનોને રોજગારીની જરૂર છે. પરંતુ યુપીએ સરકાર આમાં નિષ્ફળ ગઈ છે. વાજપેયી સરકારના છ વર્ષના ગાળામાં છ કરોડ લોકોને રોજગારી મળી હતી. યુપીએ સરકારના ગાળામાં ૨૦૦૪થી ૨૦૦૯માં માત્ર ૨૭ લાખ લોકોને રોજગારી મળી છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડના કારણે દેશની પ્રતિષ્ઠા ખરડાઈ હતી. ભ્રષ્ટાચાર મુદ્દે સરકારની કેન્દ્ર દ્વારા વારંવાર ટીકા કરવામાં આવે છે. મોદીએ એમપણ કહ્યુ હતુ કે હાલમાં સરકાર ગાંધીભક્તિમાં ડૂબેલી છે. ટનમાં નોટોની હેરાફેરી થઈ રહી છે.

હવે સરેરાશ જીડીપી ગ્રોથ રેટ ટાર્ગેટમાં કાપ મૂકાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૨૯

આયોજન પંચ આગામી પાંચ વર્ષના પોલીસી દસ્તાવેજની તેની મધ્યસત્ર સમીક્ષામાં ૧૨મી પંચવર્ષીય યોજના માટે વાર્ષીક સરેરાશ આર્થિક વિકાસદરનો ટાર્ગેટ ઘટાડીને ૬-૬.૫ ટકા કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૧૨મી પંચવર્ષીય યોજનામાં સરેરાશ જીડીપી ગ્રોથમાં કાપ મૂકવાની હિલચાલ ચાલી રહી છે. ૧૨મી પંચવર્ષીય યોજના માટે આઠ ટકાના ટાર્ગેટની વાત ચાલી રહી છે પરંતુ આને ઘટાડીને ૬થી ૬.૫ ટકા કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યુ છે કે મંદીના પરિણામ સ્વરૂપે ૧૨મી પંચવર્ષીય યોજનાના ગાળામાં આઠ ટકાના સરેરાશ આર્થિક વિકાસદરના ટાર્ગેટને હાંસલ કરવાની બાબત ખૂબજ મુશ્કેલરૂપ રહેશે. એવી શક્યતા પણ છે કે કમીશન ટાર્ગેટને ઘટાડીને છ ટકાની આસપાસ કરી શકે છે.

કમીશન પોલીસી ગાળામાં ત્રીજા નાણાંકીય વર્ષના ગાળા દરમિયાન મધ્ય સત્ર સમીક્ષા હાથ ધરનાર છે. તેની છેલ્લી મધ્ય અવધિની સમીક્ષામાં કમીશને વાર્ષીય સરેરાશ વિકાસદરનો ટાર્ગેટ નવ ટકાથી ઘટાડીને ૮.૨ ટકા કરી દીધો હતો. પરંતુ ૧૧મી યોજનામાં માત્ર ૮ ટકા સરેરાશ વાર્ષિક વિકાસદરનો આંકડો જ મેળવી શકાયો હતો. મંદીની અસર હેઠળ ભારતીય અર્થતંત્ર ૧૨મી યોજનાના પ્રથમ વર્ષ ૨૦૧૨-૧૩માં પાંચ ટકા સુધી જ વિકાસદર હાંસલ કરી ચુક્યો છે. આ વર્ષે આર્થિક વિકાસદર ફ્લેટ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક આર્થિક વિકાસદર અગાઉના જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળામાં ૪.૮ ટકાથી ઘટીને ૪.૪ ટકા થઈ ગયો છે. જાણકાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ આર્થિકવિકાસદર ૧૨મી યોજનાના પ્રથમબે વર્ષમાં પાંચ ટકા સુધી રહે તેવી શક્યતા છે. દેશને નક્કી કરવામાં આવેલા આઠ ટકાના ટાર્ગેટને હાંસલ કરવા પોલીસી ગાળાના બાકીના ત્રણ વર્ષમાં ૧૦ ટકાનો વિકાસદર હાંસલ કરવો પડેતેવી સ્થિતિ છે. જે શક્ય દેખાતી નથી. દસ્તાવેજમાં જણાવવામાં આવ્યુ છે કે અર્થતંત્રને પ્રોત્સાહન આપવામાં પૂરતા પગલાની ગેરહાજરીમાં સરેરાશ વિકાસદર ૬થી ૬.૫ ટકા જ રહેશે.

પાકિસ્તાની શહેર પેશાવરમાં ફરી બ્લાસ્ટ થતા ૩૬ના મોત

પૈશાવર,તા. ૨૯

પાકિસ્તાન શહેર પૈશાવરમાં પ્રચંડ કાર બોમ્બ બ્લાસ્ટ થતા આજે ઓછામાં ઓછા ૩૬ લોકોના મોત થયા હતા અને અન્ય ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત છે. ફ્રન્ટિયર શહેરમાં એક ચર્ચને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાના સપ્તાહ બાદ પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમમાં ફરી એકવાર હુમલો કરાયો છે. પાકિસ્તાનમાં છેલ્લા એક મહિનામાં ફરી એકવાર હિંસા વધી ગઈ છે. પોલીસ અને હોસ્પિટલના સુત્રોએ કહ્યું છે કે ઈસ્લામિક હિંસાના કારણે પાકિસ્તાનમાં ફરી અરાજકતાની સ્થિતી સર્જાઈ ગઈ છે. તાલિબાન સાથે શાંતિ મંત્રણા શરૂ કરીને શાંતિ સ્થાપિત કરવાના પાકિસ્તાનના નવા વડાપ્રધાન નવાઝ શરીફના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. આજે બ્લાસ્ટ પેશાવરમાં પોલીસ સ્ટેશનની બહાર કરવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટ એવા વિસ્તારમાં થયો હતો જ્યાં મોટી સંખ્યામાં દુકાનો આવી છે અને અહીં મોટી સંખ્યામાં લોકો પણ અવરજવર કરતા રહે છે. પેશાવરમાં લેડીરીડીંગ હોસ્પિટલમાં તબીબ અર્ષદ જાવેદે માહિતી આપતા કહ્યુ હતુ કે ૩૧ મૃતદેહ અહીં આવ્યા છે. ગયા રવિવારના દિવસે પણ પેશાવરના ચર્ચ પર તાલિબાન જૂથે હુમલો કર્યો હતો જેમાં ૮૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ખ્રિસ્તી સમૂદાય પર કરવામાં આવેલો હજુ સુધીનો આ સૌથી મોટો હુમલો હતો. તાલિબાની ત્રાસવાદીઓએ પાકિસ્તાનના બંધારણને હંમેશા વારંવાર ફગાવી દીધું છે સાથે સાથે ઈસ્લામિક કાયદાઓને અમલી બનાવવા અને ભારત સાથે સંઘર્ષમાં ઉતરવાની રજુઆત કરી છે. પાકિસ્તાનમાં અંધાધૂંધી યથાવત રહી છે.

મુંબઈ ઇમારત દુર્ઘટનામાં મૃત્યુ આંક વધીને ૬૧ થયો

મુંબઈ,તા. ૨૯

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં શુક્રવારના દિવસે બહુમાળી ઈમારત ધરાશાયી થવાના બનાવમાં મોતનો આંકડો વધીને આજે ૬૧ ઉપર પહોંચ્યો હતો. બિહાનામુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા આજે સવારે આ મુજબની વાત કરવામાં આવી હતી. બચાવ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. જો કે આની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. મરાઠી અખબાર સાકાલમાં કામ કરતા ૨૯ વર્ષીય પત્રકાર યોગેશ પવાર અને તેમના પિતા અનંત પવાર પણ મૃતકોમાં સામેલ છે. આ બંને આ જ ઈમારતમાં રહેતા હતા. ઈજાગ્રસ્તો હાલમાં જેજે હોસ્પિટલ અને નાયર હોસ્પિટલમાં સારાર હેઠળ છે. ૩૦ વર્ષ જૂની આ ઈમારતમાં ૨૧ જેટલા પરિવારો રહેતા હતા. આ જૂની

ઈમારતને તાત્કાલિક રીતે સમારકામની જરૂર હતી. કાટમાળને દૂર કરવા માટે ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મજગાંવ વિસ્તારમાં બાબુ ગેનુ માર્કેટ નજીક બ્રહ્મદેવ ખોટમાર્ગ ઉપર આ ઈમારત આવેલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવારે સવારમાં પાંચ માળની બીએમસી ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. મજગાવમાં પાંચ માળની બ્રિહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની નિવાસી ઈમારત શુક્રવારે સવારે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. આ બનાવમાં ઘણા લોકો ફસાઈ ગયા હતા. બનાવની જાણ થતાની સાથે જ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. મુંબઈમાં ડોક્યાર્ડ સ્ટેશન રોડની પાછળ બીએમસીની એક પાંચ માળની ઈમારત પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. આ ઈમારતમાં આશરે ૩૦ ફ્લેટ હતા.

થાણેની નજીક હેલિકોપ્ટર તૂટી પડતા પાંચના કરૂણ મોત થયા

મુંબઈ,તા. ૨૯

મુંબઈ નજીક થાણે ગ્રામીણ વિસ્તારમાં હાઈટેન્શન વિજળીના તારના સંપર્કમાં આવ્યા બાદ એક ખાનગી હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ જતા આમાં પાંચ લોકોના મોત થઈ ગયા હતા. ગ્રામીણ થાણે વિસ્તારમાં ટોકાવાડે વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. થાણે ગ્રામીણના પોલીસ અધિકારી અનિલ કુંભરેએ કહ્યુ હતુ કે આ હેલિકોપ્ટરમાં મુસાફરી કરી રહેલા તમામ લોકોના મોત થયા છે.

પોલીસે કહ્યુ છે કે આ દુર્ઘટના થાણેના મુરબાદ તાલુકામાં ટોકાવાડે ગામની નજીક બન્યો હતો. આ દુર્ઘટના ૭.૫૦ વાગ્યે સર્જાઈ હતી. હવાઈ યાત્રા સાથે સંકળાયેલા સૂત્રોએ કહ્યુ હતુ કે ખાનગી ઓપરેટર યુનાઈટેડ હેલી ચાર્ટર્ડનું આ હેલિકોપ્ટર આજે સવારે મુંબઈના જુહુ વિમાની મથકથી ઓરંગાબાદ જવા માટે રવાના થયુ હતુ. અહીંથી આ હેલિકોપ્ટર નાગપુર જનાર હતુ. સૂત્રોનું કહેવું છે કે થાણે જિલ્લાના એક ગ્રામીણ વિસ્તારમાં વિજળીના તારના સંપર્કમાં આવી જતા હેલિકોપ્ટરમાં આગ ફાટી નીકળી હતી. ડીજીસીએના અધિકારીઓએ કહ્યુ હતુ કે દુર્ઘટનાના કારણોમાં તપાસ હાથ ધરવામાં આવી છે. માર્યા ગયેલાઓની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં પાઈલોટ કેપ્ટન ફદુરિયા, સહપાઈલોટ કેપ્ટન એલેન, કેપ્ટન માથા, એમ યતિન, ડીન ડીસુઝાનો સમાવેશ થાય છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા બચાવ ટીમ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી.

વિદર્ભ રાજ્ય મુદ્દે ટેકો આપવા બધા પક્ષોને ગડકરીની અપીલ

નાગપુર,તા. ૨૯

ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ નીતિન ગડકરીએ અલગ વિદર્ભ રાજ્યના મુદ્દે એકસાથે આવવા તમામ રાજકીય પક્ષોને અપીલ કરી છે. મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ રાજ્યની માંગ પણ હવે સપાટી પર આવી રહી છે. વિદર્ભ ઈકોનોમિક ડેવલોપમેન્ટ કાઉન્સિલ દ્વારા બોલાવવામાં આવેલી ઓલ પાર્ટી મિટિંગમાં ગડકરીએ કહ્યુ હતુ કે જો તમામ પક્ષો એક સાથે આવશે તો વિદર્ભને અલગ રાજ્ય બનવાથી કોઈ પણ રોકી શકશે નહીં.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે ભાજપ વિદર્ભ રાજ્યની દરખાસ્તને ટેકો આપશે. જો સંસદમાં આ દરખાસ્ત રજુ કરવામાં આવશે તો ભાજપ સ્પષ્ટપણે આગળ આવશે. મહારાષ્ટ્રના ભાજપ એકમના પ્રમુખ દેવેન્દ્ર ફેડનાવીસે કહ્યુ હતુ કે અલગ વિદર્ભ રાજ્ય માટે તેમની પાર્ટી સંપૂર્ણપણે તૈયાર છે. કોંગ્રેસના વરિષ્ઠનેતા અને મહારાષ્ટ્રના પ્રધાન નીતિન રાવતે કહ્યુ હતુ કે વિદર્ભના તમામ રાજકીય નેતાઓએ આ પ્રદેશ માટે અલગ રાજ્યની માંગ કરીએ પ્રેશર ગ્રુપની રચના કરવી જોઈએ. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ખાદ્યાન અને નાગરિક પૂરવઠા પ્રધાન તેમજ એનસીપીના નેતા અનિલ દેશમુખે આક્ષેપ કર્યો હતો કે કેટલાક નેતાઓ વિદર્ભનો મુદ્દો ખોટા સમયે ચલાવી રહ્યા છે. આ કાર્યક્રમ દરમિયાન ભાજપ અને કોંગ્રેસ સહિત અન્ય પક્ષો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઈક્વિટી માર્કેટમાં ૧૩,૦૦૦ કરોડનું જંગી મૂડીરોકાણ થયું

મુંબઈ,તા. ૨૯

આરબીઆઈના નવા ગવર્નર રઘુરામ રાજને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા અને નબળા પડી રહેલા રૂપિયાને મજબૂત કરવા કેટલાક પગલાંની જાહેરાત કર્યા બાદ આ મહિનાની અંદર ભારતીય શેરબજારમાં વિદેશી મૂડીરોકાણકારોએ ૧૩૦૦૦ કરોડ રૂપિયા અથવા તો બે અબજ ડૉલરની રકમ ઠાલવી દીધી છે. વિદેશી રોકાણકારોનો આત્મવિશ્વાસ ભારતીય બજારમાં જોરદાર વધી ગયો છે. વધુમાં યુએસ ફેડરલ રિઝર્વએ તેમના સ્ટીમ્યુલસ પ્રોગ્રામમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય કર્યો છે જેની વિદેશી મૂડીરોકાણકારોને ભારતીય ઈક્વિટીમાં જંગી રોકાણ કરવાની તક મળી ગઈ છે. ઈક્વિટીમાં મૂડી પ્રવાહનો આંકડો બીજીથી ૨૭મી સપ્ટેમ્બર દરમિયાન ૧૩૨૨૮ કરોડ અથવા તો ૨.૦૯ અબજ ડૉલર રહ્યો છે. આ મહિનામાં હવે માત્ર એક જ કારોબારી સેશન બાકી રહી ગયું છે.

બીજી બાજુ ડેપ્ટ માર્કેટમાંથી વિદેશી રોકાણકારોએ ૬૦૧૬ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. સેબી પાસે ઉપલબ્ધ આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે રઘુરામ રાજને આરબીઆઈના વડા તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા તેમજ મૂડી પ્રવાહને ખેંચવા ઘણા પગલાં લીધા બાદ હવેવિદેશી રોકાણકારોએ પણ લેવાલી શરૂ કરી છે. રઘુરામ રાજને આરબીઆઈના વડા તરીકે ૪થી સપ્ટેમ્બરે જવાબદારી સંભાળી હતી. મે મહિના બાદથી સતત ઘટી રહેલા રૂપિયામાં આ મહિનામાં હજુ સુધી ૩.૨ ટકા સુધી વધારો થઈ ચૂક્યો છે. શુક્રવારના દિવસે અમેરિકી ડૉલર સામે રૂપિયો ૬૨.૫૧ની સપાટીએ રહ્યો હતો. ૨૮મી ઓગસ્ટના દિવસે ડૉલર સામે રૂપિયો ૬૮.૮૫ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયો હતો જેના લીધે સરકાર પણ હચમચી ઉઠી હતી.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

દાદા બિચારા આ ઉમરે કેટલું સંભાળી શકે?" સહેજ પણ સંકોચ કે દુઃખ વિના ખુલ્લા દિલે નમિતા પોતાની પરિસ્થિતિ જણાવી રહી અને એની સમજણ અને પરિવાર માટેની કટિબદ્ધતા માટે મારૂં દિલ સેલ્યુટ કરી રહ્યું. "તમે નોકરી કરો છો દીદી? તમે શું ભણેલાં? તમને ખબર છે, મને ભણવાનો બહુ શોખ હતો. હું બધી પરીક્ષાઓમાં એકથી દસમાં નંબર લાવતી. મારા ટીચર મને કાયમ કહેતા કે તું તો મોટી થઇને વકીલ જ બનજે, હું ચબરચબર બહુ બોલું એટલે!" મોટી મોટી કાળી આંખો બારીની બહાર જોઇને જાણે સ્કૂલના દિવસો શોધી રહી, જયારે એ બે ચોટલામાં રિબીન ગૂંથીને સાયકલ પર પાછળ ભાઇને બેસાડીને ગીતો ગાતી હસતી, રમતી, ભાગતી જતી.

શું જવાબ આપું નમિતાને એ અવઢવમાં હું એની સામે જોઇ રહી.

નમિતા બેગમાંથી નેપકીન કાઢી એનાં પપ્પાના કપાળ પર ખભે પસીનો લૂછી રહી.

"બહુ ગરમી છે આજે, મારાથી આજે નહીં ચલાય." નમિતાના પપ્પા બાળસહજ નિર્દોષતા સાથે જીદ કરીને બોલી ગયા.

"હા, પપ્પા, ગરમી તો બહુ છે, પણ ચાલવું તો પડશે જ ને?" જુઓ ખાલી થોડુંક, એકદમ થોડુંક જ ચાલવાનું છે. પછી હું વ્હીલચેર મંગાવી લઇશ હૈં ને?' નાના છોકરાને સમજાવતી હોય એમ નમિતા પોતાના પપ્પાને મનાવી રહી.

હું વિચારી રહી કે કદાચ એક દીકરીની લાગણીઓ જ જવાબદારીના તાપમાં આટલી મજબૂત બની શકે અને પૂરા પરિવારને સહારો આપી શકે!

અને કોણ જાણે કેમ એ પ્રશ્ન થયો કે શું નમિતાની જગ્યાએ એનો ભાઇ મોટો હોત તો એ પણ આટલી સહજતા અને સરળતાથી પોતાનું એજ્યુકેશન છોડી, કેરિયર અને લાઇફથી ઉપર પિતા અને પરિવારને ગણીને, આવું ત્યાગ અને સમર્પણ કરી શકત?

સામે નમિતા પોતાના પિતાના વળી ગયેલા કોલરને સરખો કરી રહી અને હું વિચારી રહી કે નમિતા જેવી દીકરીઓ એમના મા-બાપ માટે વર્ષે એક વાર આવતા 'ડોટર્સ ડે'ને જ દિવસ નહીં, પરંતુ તેમનાં આખાં આયખાંને જ ખાસ બનાવી દેતી હોય છે!

દર સપ્ટેમ્બર મહિનાના ચોથા રવિવારને આપણે 'ઇન્ટરનેશનલ ડોટર્સ ડે' એટલે કે દીકરીઓના પર્વ તરીકે ઉજવીએ છીએ. આ દિવસે દીકરી તરીકે જન્મવા માટે કે દીકરીને જન્મ આપવા માટે આપણે ગર્વ અનુભવીએ છીએ! પણ શું જાતને એકવાર પર પૂછવાની દરકાર કરી છે કે શું સાચે આપણે દીકરી તરીકે જન્મવા માટે કે દીકરીને જન્મ આપવા માટે ખુશ છીએ?

પરિવાર માટે દીકરા જેટલો જ કે એનાથી વધુ મજબૂત અને લાગણીશીલ ટેકો દીકરી બની શકે છે, તો પણ કેમ આપણે દીકરીને જાકારો આપીએ છીએ?

જો દીકરો આપણો સો કોલ્ડ વારસો અને વંશવેલો વધારે છે, તો દીકરી લાગણીઓની જણસ અને સંબંધોની હૂંફ સાચવે છે એને પણ એટલા જ પ્રેમ અને ઉત્સાહથી વધાવીએ! આવો દીકરા અને દીકરીને આપીએ સમાન પ્રેમ અને આવકાર!

સંદર્ભ : વુમન ગાર્ડિયનના આધારે

માતૃભાષા સંવર્ધન અભિયાન (પાના નં. ૪ નું ચાલુ)

ગુજરાતી ભાષા ઑલિમ્પિયાડનો પ્રારંભ ૨૪મી ઓગસ્ટના રોજ થાય. મહાશાળાની પ્રવૃત્તિઓને તે સહજ ભાગ બની રહે અને તા. ૨૧મી જાન્યુઆરીએ તે આખરી ઉજવણી થાય તેમ કરીએ. ૨૧મી ફેબ્રુઆરીએ રાજયકક્ષાએ ગૌરવગાન થાય.

ઑલિમ્પિયાડ કઇ રીતે ઊજવીશું? કઇ પ્રવૃત્તિઓને તેમાં સ્થાન આપીશું? આ પ્રશ્નો ઊભા થાય તેથી તે અંગે આપણે ઓછામાં ઓછી પાંચેક શાળા કક્ષાએ જૂથ કક્ષાએ અને તાલુકા કક્ષાએ યોજીએ. હમણાં ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૬) અને માધ્યમિક શાળાએ (ધો.૯ થી ૧૨) પૂરતી સીમિત રાખીએ.

● **રમતો-સ્પર્ધાઓ :**

ગુજરાતી ભાષા ઓલમ્પિયાડમાં અનેકવિધ સ્પર્ધાઓ યોજી શકાય. કેટલીક નમૂનારૂપ સ્પર્ધાઓ યોજીએ જે આ સ્પર્ધાઓ અંગે શિક્ષકમિત્રો જાણકાર હોય છે. તેમ છતાં સામાન્ય પરિચય આપવાનો પ્રયત્નો કરવામાં આવે છે. ઑલિમ્પિયાડમાં બે જૂથ/સ્પર્ધા, એક ધોરણ ૬ થી ૮ અને બીજું ૯ થી ૧૨ પાડી શકાય. દરેક સ્પર્ધાણાં ત્રણ નિર્ણાયક રાખવા.

૧. શબ્દ ખોળો : શબ્દકોષમાંથી શબ્દ કયા પાન પર આવેલો છે. આ સ્પર્ધા બોર્ડમાં લખીને જાહેર રીતે યોજી શકાય. વર્ગખંડ પ્રવૃત્તિ તરીકે પણ યોજી શકાય.

૨. ક્વિઝ : સાહિત્યકાર, સાહિત્યિક, કૃતિઓ અંગે વિદ્યાર્થીઓની કક્ષા મુજબના બહુવિકલ્પ પ્રશ્ન બનાવી પૂછવા. આ સ્પર્ધા સમગ્ર શાળા સામે યોજવાથી સ્પર્ધકોને પ્રોત્સાહન મળે છે અને અન્ય બાળકોને આનંદ સાથે સાહિત્યિક જ્ઞાન મળે છે.

૩. વક્તૃત્વ સ્પર્ધા : સમગ્ર શાળા સમક્ષ, જાહેર રીતે યોજી શકાય. કક્ષા પ્રમાણે વિકાસ અને સમય ફાળવણી કરી શકાય. વિષય જાહેર કરી શકાય તેમ શીઘ્ર વકતૃત્વની રીતે પણ યોજી શકાય. બે ભાગ પાડી શકાય.

૪.વાર્તાલાપ : 'મને ગમતું પુસ્તક' ૧૦ મીનીટ લેખન સ્વરૂપે પૂર્વે તૈયારી સમયે ધોરણ ૯ થી ૧૨ માં વધારે અનુકૂળ

૫. એકપાત્રીય અભિનય : પાત્ર પસંદગી, વેશભૂષા, અભિનય, સમગ્ર છાપની રીતે (૫ થી ૧૦ મિનિટ સમય) ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૨ માં પણ ચાલે.

૬. લોકવાર્તા : સ્થાનિક બોલી - સંસ્કૃતિને સ્પર્શતી લોકવાર્તા (૫ મિનિટ) ધોરણ થી ૧૨ માં વધારે અનુકૂળ પડે.

૭. કાવ્ય પઠન : 'પસંદગી', રજૂઆત, ભાષા ઉચ્ચાર, સમગ્ર છાપ (૫ મીનીટ) કુલ ૨૦ ગુણની રીતે મૂલ્યાંકન.

૮. મુદ્દા પરથી વાર્તાલેખન : (૧૦ મિનિટ) ધો.૬ થી ૮ માં અનુકૂળ ભાષાકીય મુદ્દાઓથી મૂલ્યાંકન

૯. લોકગીત : સ્થાનિક બોલીની છીંટ, રાગ સાતે ગદ્યસ્વરૂપે. પસંદગી અને રજૂઆતના આધારે મૂલ્યાંકન. શ્રુતલેખન, અંતાક્ષરી, અંતકડી વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાય. નવી નવી સ્પર્ધાઓની રચના કરી.

ઑલિમ્પિયાડને માત્ર સ્પર્દા તરીકે ન લેખતાં એને અધ્યયન - અધ્યાપન પ્રવૃત્તિ તરીકે યોજવી. સ્પર્ધા તેનો ભાગ બની રહે. ઇનામ, પ્રમાણપત્ર પણ અપાય. આ પ્રવૃત્તિઓના આધારે ભાષાકીય ક્ષમતા ધરાવતા ટેલેન્ટેડ વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને પ્રકાશિત કરી તૈયાર કરવા તે મુખ્ય લક્ષ્ય બની રહેવું જોઇએ. આ સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓને શ્રવણ, કથન, વાંચન અને લેખન કૌશલ્યનો વિકાસ થાય. ભાષા દ્વારા સર્જનશીલતા ભાષાનું રસાત્મક સૌંદર્ય, ભાષા મારફતે સંસ્કૃતિ, વિદ્યાર્થીઓ અન્ય વિષયો સાથે માતૃભાષાના શબ્દોનું, જ્ઞાનનું સંયોજન કરતાં શીખે, વિદ્યાર્થી બીજી ભાષાઓ સાથે પણ અનુબંધ સાધવાની કળા શીખે તેવો ઉદ્દેશ રહેલો છે. તેની જ્ઞાપાકીય તર્કશક્તિ, અભિવ્યક્તિ કૌશલ્ય વધે. તે ભાષાના સાંસ્કૃતિક માહાત્મયને સમજી જીવનમાં ઉતારે તે મહત્ત્વનું છે. શાળાનું સમગ્ર વાતાવરણ આનંદધામ બની રહે તો જ શાળા વિદ્યાધામ બની રહેશે. ગુજરાતી ભાષા ઑલમ્પિયાડમાં આ તાકાત રહેલી છે.